નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૦/૪૮૨૦૪૧/ન.બા.-૦૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૨/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૨૪/૦૫/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૨) આ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૨૧નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૬/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૧-૨૨/૬૮૨ તથા તા.૨૪/૧૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક: વિજાક/બો.નિ./૨૧-૨૨/૭૪૪

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા માટેની રૂ.૫૭૫૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત ગોપાલક વિકાસ નિગમને રૂ.૧૧૮૯.૬૬ લાખ, ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમને રૂ.૧૦૯૦.૫૧ લાખ તથા ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને રૂ.૧૨૮૮.૮૧ લાખ ફાળવવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની શરત નં.૨ તથા ઠરાવના છેલ્લા ફકરામાં શરતચૂકથી ખામી રહેલ તે પરત્વે વંચાણે લીધા ક્રમાંક (૨) ના ઠરાવથી સુધારો બહાર પાડવામાં આવેલ છે.

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ હેઠળ વિકસતી જાતિ કલ્યાણના ૫ નિગમોને ફાળવાયેલ રૂ.૫૭૫૦.૦૦ લાખ પૈકી ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમની બાકી રહેતી રકમ રૂ.૪૬૧.૨૮ લાખ અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમની બાકી રહેતી રકમ રૂ.૫૭૪.૧૪ લાખ એમ મળીને કુલ રૂ.૧૦૩૫.૪૨ લાખની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને આંતરીક તબદીલ કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(P.T.O.)

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં સીધા ધિરાણ હેઠળ વિકસતી જાતિ કલ્યાણના ૫ નિગમોને ફળવાયેલ રૂ.૫૭૫૦.૦૦ લાખ પૈકી ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમની બાકી રહેતી રકમ રૂ.૪૬૧.૨૮ લાખ અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમની બાકી રહેતી રકમ રૂ.૫૭૪.૧૪ લાખ એમ મળીને કુલ રૂ.૧૦૩૫.૪૨ લાખની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને આંતરીક તબદીલ કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | નિગમનું નામ | વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવ મુજબ ફાળવેલ રકમ | આંતરીક તબદીલી બાદ નિગમને વર્ષ દરમિયાન મળવાપાત્ર અંતિમ રકમ |
|---|---|---|---|
| ૧ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | ૧૧૮૯.૬૬ | ૬૧૫.૫૨ |
| ૨ | ગુજરાત વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમ | ૧૦૯૦.૫૧ | ૬૨૯.૨૩ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૧૨૮૮.૮૧ | ૨૩૨૪.૨૩ |
| ૪ | ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ | ૧૦૯૦.૫૧ | ૧૦૯૦.૫૧ |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૧૦૯૦.૫૧ | ૧૦૯૦.૫૧ |
| કુલ | | ૫૭૫૦.૦૦ | ૫૭૫૦.૦૦ |

વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૬/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૫) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૩) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૪) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૫) સિલેકટ ફાઇલ